


# કેશલેસ ઈન્ડિયાથી કેશલેસ વર્લ્ડ

## વૈશ્વિક સ્તરે ભારતનું સોફ્ટ પાવર બનેલું UPI

એક સમય હતો જ્યારે ભારતને રોકડ આધારિત અર્થતંત્ર ગણવામાં આવતું હતું, પરંતુ આજે ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. શાકભાજીની લારીથી લઈને ફાઈવ-સ્ટાર હોટેલ સુધી, માત્ર એક સ્માર્ટફોન અને QR કોડ દ્વારા સેકન્ડોમાં થતા વ્યવહારો આજે ભારતીય જીવનશૈલીનો અભિન્ન હિસ્સો બની ગયા છે.

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા 2016માં શરૂ કરાયેલું UPI આજે માત્ર ભારત પૂરતું સીમિત નથી રહ્યું, પરંતુ તે વૈશ્વિક સ્તરે ધૂમ મચાવી રહ્યું છે. તાજેતરમાં જ ભારત અને કંબોડિયા વચ્ચે થયેલી ઐતિહાસિક ભાગીદારી આ વાતની સાક્ષી પૂરે છે. ફ્રાન્સ, UAE અને સિંગાપોર જેવા દેશોમાં સફળતાપૂર્વક પગપેસારો કર્યા બાદ, હવે દક્ષિણ-પૂર્વ એશિયા અને બાકીનું વિશ્વ પણ આ કેશલેસ ટેકનોલોજી અપનાવી રહ્યું છે. આ વૈશ્વિક વિસ્તરણ ગ્લોબલ ફાઈનાન્સમાં એક બહુ મોટી ક્રાંતિનો સંકેત છે.

તાજેતરમાં ભારત અને કંબોડિયા વચ્ચે થયેલી સમજૂતી અંતર્ગત બંને દેશો વચ્ચે સરહદ પારના ડિજિટલ પેમેન્ટને મંજૂરી આપવામાં આવી છે. આ ભાગીદારીથી ભારતીય પ્રવાસીઓ કંબોડિયામાં પોતાના ભારતીય બેંક ખાતામાંથી સીધા જ UPI દ્વારા ચૂકવણી કરી શકશે, અને તેવી જ રીતે કંબોડિયાના નાગરિકો ભારતમાં તેમના સ્થાનિક પેમેન્ટ નેટવર્કનો ઉપયોગ કરીને ચૂકવણી કરી શકશે.

આ પગલું માત્ર વેપારને જ સરળ નથી બનાવતું, પરંતુ બંને દેશો વચ્ચેના પ્રવાસન ઉદ્યોગને પણ પ્રચંડ વેગ આપશે. પ્રવાસીઓને હવે વિદેશી હૂંડિયામણ મેળવવાની કે મોંઘા આંતરરાષ્ટ્રીય ક્રેડિટ કાર્ડના ચાર્જ ચૂકવવાની ચિંતામાંથી મુક્તિ મળશે.

UPI નું આંતરરાષ્ટ્રીયકરણ ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. વિશ્વના આર્થિક પાવરહાઉસ ગણાતા દેશો પણ હવે ભારતની આ સ્વદેશી સિસ્ટમનો ઉપયોગ કરવા માટે ઝડપથી જોડાય રહ્યા છે.

સિંગાપોરની 'PayNow' સિસ્ટમ અને ભારતની UPI વચ્ચેનું જોડાણ એ સરહદ પારના નાણા ટ્રાન્સફર માટે એક મોટો વળાંક હતો. આનાથી સિંગાપોરમાં રહેતા ભારતીય કામદારો અને વિદ્યાર્થીઓ ખૂબ જ ઓછા ખર્ચે અને ત્વરિત પોતાના ઘરે પૈસા મોકલી શકે છે. UAE માં UPI સ્વીકાર્ય બન્યા બાદ ત્યાં વસતા લાખો ભારતીયો અને પ્રવાસીઓ માટે નાણાકીય વ્યવહારો અત્યંત સરળ બન્યા છે. ભારત અને UAE વચ્ચેના મજબૂત વ્યાપારિક સંબંધોને આનાથી નવી ઊર્જા મળી છે.

યુરોપમાં UPI નો પ્રવેશ ફ્રાન્સના પ્રતિષ્ઠિત આઈફિલ ટાવરથી થયો. હવે ભારતીય પ્રવાસીઓ ફ્રાન્સની મુલાકાત વખતે ટિકિટ બુકિંગ અને શોપિંગ માટે UPI નો ઉપયોગ કરી શકે છે. યુરોપિયન યુનિયનમાં આ પ્રવેશ ભારતની મોટી રાજદ્વારી અને તકનીકી જીત છે.

મોરેશિયસ, શ્રીલંકા, નેપાળ, ભૂતાન અને માલદીવ્સ જેવા પાડોશી દેશોમાં પણ UPI સક્રિય થઈ ચૂક્યું છે. જાપાન અને કેટલાક આફ્રિકન દેશો પણ આ મોડેલ અપનાવવા માટે ભારત સાથે ગંભીર ચર્ચા કરી રહ્યા છે.

UPI ની વૈશ્વિક સફળતા પાછળનાં મુખ્ય કારણો જોઈએ તો, પશ્ચિમી દેશો પાસે Visa, Mastercard અને Swift જેવી વર્ષો જૂની સિસ્ટમ હોવા છતાં, વિશ્વ UPI તરફ કેમ આકર્ષાઈ રહ્યું છે? તેનાં કેટલાંક મુખ્ય કારણો નીચે મુજબ છે:

* નાણાં પળવારમાં એક ખાતામાંથી બીજા ખાતામાં જમા થાય છે, કોઈ પ્રક્રિયા સમય (Processing time) લાગતો નથી.
* આંતરરાષ્ટ્રીય કાર્ડ્સ પર 2% થી 5% સુધીનો ટ્રાન્ઝેક્શન ચાર્જ લાગે છે, જ્યારે UPI અત્યંત કિફાયતી કે મફત છે.
* માત્ર એક QR કોડ સ્કેન કરીને કે UPI ID દ્વારા પેમેન્ટ થઈ જાય છે. તે મલ્ટી-ફેક્ટર ઓથેન્ટિકેશન સાથે અત્યંત સુરક્ષિત છે.
* UPI નું માળખું એવું છે કે તે કોઈ પણ દેશની સ્થાનિક બેંકિંગ સિસ્ટમ સાથે સરળતાથી જોડાઈ શકે છે.
* UPI નું વૈશ્વિક વિસ્તરણ માત્ર બે દેશો વચ્ચે નાણાંની લેવડદેવડ પૂરતું મર્યાદિત નથી, તે વૈશ્વિક નાણાંકીય વ્યવસ્થાના લોકશાહીકરણનો સંકેત છે.
* અત્યાર સુધી આંતરરાષ્ટ્રીય પેમેન્ટ પર પશ્ચિમી દેશોની કંપનીઓનું આધિપત્ય હતું. UPI એ વિશ્વને એક એવું વૈકલ્પિક પ્લેટફોર્મ આપ્યું છે જે સસ્તું અને વધુ કાર્યક્ષમ છે.

વિશ્વના ઘણા વિકાસશીલ દેશોમાં હજુ પણ મોટી વસ્તી બેંકિંગ સેવાઓથી વંચિત છે. ભારતે બતાવ્યું છે કે કેવી રીતે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ગરીબમાં ગરીબ વ્યક્તિને અર્થતંત્રની મુખ્ય ધારામાં લાવી શકાય છે. કંબોડિયા અને આફ્રિકન દેશો ભારત પાસેથી આ જ ટેકનોલોજી શીખવા માંગે છે.

ભૂતકાળમાં ભારત ટેકનોલોજીની આયાત કરતો દેશ હતો પરંતુ આજે ભારત વૈશ્વિક સ્તરે 'ફિનટેક લીડર' તરીકે ઉભરી આવ્યું છે. G-20 સમિટ દરમિયાન ભારતે આખી દુનિયા સામે પોતાના ડિજિટલ સામર્થ્યનું પ્રદર્શન કર્યું હતું, જેની વૈશ્વિક નેતાઓએ મુક્ત કંઠે પ્રશંસા કરી હતી.

UPI ગ્લોબલ બનવાથી સૌથી મોટો ફાયદો સામાન્ય નાગરિકોને થયો છે. વિદેશ પ્રવાસ દરમિયાન કરન્સી એક્સચેન્જની દુકાનો શોધવી, ભારે કમિશન આપવું કે ક્રેડિટ કાર્ડ ક્લોનિંગના ડરથી જીવવું હવે ભૂતકાળ બની રહ્યું છે. કોઈ ભારતીય વ્યક્તિ જ્યારે બેંગકોક, પેરિસ કે દુબઈના બજારમાં જઈને પોતાના ફોનથી જ ક્યુઆર કોડ સ્કેન કરીને રૂપિયામાં ચૂકવણી કરે છે, ત્યારે તે માત્ર એક ટ્રાન્ઝેક્શન નથી હોતું પરંતુ તે ભારતીય ટેકનોલોજીની વૈશ્વિક સ્વીકૃતિનું ગૌરવ હોય છે.

તેવી જ રીતે, વિદેશમાં વસતા ભારતીયો પોતાના વતનમાં રહેતા પરિવારને કોઈ પણ વિલંબ કે વચેટિયા વગર સીધા જ પૈસા મોકલી શકે છે, જેનાથી દેશમાં વિદેશી હૂંડિયામણની આવક પણ સરળ અને સુરક્ષિત બને છે.

જો કે, વૈશ્વિક સ્તરે UPI ના સંપૂર્ણ વિસ્તરણ સામે કેટલાક પડકારો પણ છે. દરેક દેશના પોતાના નાણાંકીય નિયમો (Regulations), સાયબર સિક્યોરિટીના કાયદા અને ડેટા લોકલાઈઝેશનના નિયમો અલગ-અલગ હોય છે. આથી, NPCI ની આંતરરાષ્ટ્રીય પાંખ - NPCI International Payments Limited એ દરેક દેશની મધ્યસ્થ બેંકો સાથે વ્યક્તિગત સ્તરે વાટાઘાટો કરવી પડે છે. સાયબર ફ્રોડ અને ડિજિટલ સાક્ષરતા પણ વૈશ્વિક સ્તરે એક સમાન ચિંતાના વિષયો છે. પરંતુ, આ પડકારો છતાં UPI ની આગળ વધવાની ગતિ અટકાવી શકાય તેમ નથી. આગામી વર્ષોમાં, આપણે જોઈશું કે વિશ્વના મોટાભાગના પ્રવાસન સ્થળો અને વ્યાપારી કેન્દ્રો પર 'UPI Accepted Here' નાં બોર્ડ લગાવેલાં હશે.

**UPI ગ્લોબલ બનવાથી સૌથી મોટો ફાયદો સામાન્ય નાગરિકોને થયો છે. વિદેશ પ્રવાસ દરમિયાન કરન્સી એક્સચેન્જની દુકાનો શોધવી, ભારે કમિશન આપવું કે ક્રેડિટ કાર્ડ ક્લોનિંગના ડરથી જીવવું હવે ભૂતકાળ બની રહ્યું છે**